ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૧-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

કેજરીવાલ ઈફેક્ટ : કેન્દ્ર વિરુદ્ધ રાજયનું દ્વંદ્વયુદ્ધ

અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના નેતાઓ ચીલાચાલુ રાજકારણી નથી. એમની મૂળ રગ આંદોલનકારીની છે. 'આપ' એકાએક ફાટી નીકળેલા જવાળામુખી જેવી પાર્ટી છે. પાર્ટી તરીકે એ ચૂંટણી પણ લડશે, સત્તા પણ ભોગવશે પરંતુ એનો આંદોલનવાળો મૂળ સ્વભાવ પણ નહીં છોડી શકે. રેલ ભવન સામે આખી રાત કડકડતી ઠંડીમાં ધરણાં કરી રહેલા દિલ્હીના મુખ્યમંત્રીએ સવારે ઊઠતાંની સાથે કેન્દ્ર સરકાર સામે એમનો પુણ્યપ્રકોપ ઠાલવ્યો અને ધરણાં ચાલુ રાખવાનો દૃઢ નિરધાર જાહેર કર્યો એમાં વિરોધીઓને ભલે 'નૌટંકી' લાગી રહી હોય પરંતુ કેજરીવાલ માટે એ આપદાધર્મ છે. એક સાવ નજીવા મુદ્દે એમને આવડું આકરું પગલું ભરવું પડ્યું છે. સત્તાના વિકેન્દ્રીકરણના મુદ્દે કેન્દ્રની સત્તા સામેનો એમનો પ્રશ્ન કોઈપણ રાજયના મુખ્યમંત્રીના હૈયે રમતી વ્યથાને વાચા આપનારો બની રહે છે. પોતે જાણે છે કે દિલ્હી સરકાર એક અધૂરી સત્તા ધરાવતી અધૂરા રાજયની શોભાના ગાંઠિયા જેવી સરકાર છે, ગૃહખાતા વગરની સરકાર છે. પોલીસદળ સંપૂર્ણપણે કેન્દ્રના ગૃહખાતા હસ્તક હોઈ રાજયનો આદેશ માનવા બંધાયેલી નથી. પરંતુ આ જ મુદ્દે તો ખુદ ભૂતપૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી દુઃખી હતાં. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારીમાંથી કોઈપણ રાજયસરકાર શી રીતે છટકી શકે? દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો આપવાની માગણી કરનાર તમામ રાજકીય પક્ષોને પોલીસદળ રાજયહસ્તક હોવાની જરૂર લાગશે. દિલ્હી દુનિયાનું ક્રાઈમ કેપિટલ બની ગયેલ છે. અહીં પોલીસ અને ગુનેગારો વચ્ચે રીતસરની મિલીભગત ચાલે છે. જો એમ ન હોય તો નિર્ભયા કાંડ પછી પણ બેખોફપણે ગેંગરેપનો સિલસિલો ચાલુ ન જ રહ્યો હોત. દિલ્હીના મુખ્યમંત્રી એ બે-ચાર પોલીસ અધિકારીઓને એમની ગેરવર્તણૂક બદલ સસ્પેન્ડ કરાવવાની ભલામણ કરી તે પણ દિલ્હીના પોલીસ કમિશ્નરે ન માની અને ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેને પત્ર લખ્યા છતાં કોઈ સંતોષકારક પગલાં ન લેવાયાં તેથી સ્વાભાવિક રીતે જ કેજરીવાલ અને એમના મંત્રીમંડળને અપમાનજનક સ્થિતિમાં મુકાઈ જવા જેવું લાગ્યું હશે. આટલી નાની અમથી બાબતમાં પણ રાજય સરકારનું સાંભળવામાં આંખ આડા કાન થતા હોય ત્યારે આંદોલન સિવાય એમની પાસે જે બંધારણીય વિકલ્પ ઉપલબ્ધ હતો, તે ફકત વિધાનસભા બોલાવીને આ મુદ્દે ચર્ચા કરવાનો હતો. રાજય સરકારોના અધિકારો પર દબાણ આણવાની કેન્દ્રની નીતિ વિરુદ્ધ ગુજરાત સહિતની ઘણી બધી રાજય સરકારો ઊહાપોહ અને વિરોધ નોંધાવતી રહી છે. જો કે કેજરીવાલની સરકાર તો સામાન્ય આંદોલનકારીઓ-કર્મશીલોની સરકાર છે, એ કોઈ ઘડાયેલા રીઢા રાજકારણીઓ નથી અને રાજયવહીવટનો એમને વિશેષ અનુભવ પણ નથી. પરંતુ એમને જે આવડે છે તે છે ધુંવાધાર આંદોલન, સત્યાગ્રહ અને ધરણાંની ભાષા. મહાત્મા ગાંધી અને અણ્ણા હજારેની આ જ શૈલી હતી. સુખ સુવિધાઓ અને વીઆઈપી કલ્ચરથી ટેવાઈ ગયેલી કોંગ્રેસ તથા ભાજપ જેવી રાજકીય પાર્ટીઓને આ અભિગમ એકદમ કઠે, કારણ કે એમના મુખ્યમંત્રીઓ રાજાશાહી ઠાઠ ભોગવવા માટે જ મુખ્યમંત્રી બનતા રહ્યા છે. સરકાર પોતે જ રસ્તા પર આવી જાય ત્યારે સ્વાભાવિક છે કે પ્રજાને પણ હેરાનગતિ ભોગવવી પડે. પરંતુ 'આપ'ના નેતાઓ એમની 'થિંક ટેક' ગણાતા સેફોલોજિસ્ટ યોગેન્દ્ર યાદવની ભાષામાં કયારેય 'સુધરવાના' નથી. એ તો એમની રીતે જ ચાલશે. આમ આદમી પાર્ટીએ દિલ્હી જેવા અધૂરી સત્તાવાળા નગર રાજય પર કોંગ્રેસના ટેકાથી સત્તા પર આવીને રીઢા અને ચીલાચાલુ રાજકારણીઓ કરતાં તદ્દન જુદો જ અભિગમ અપનાવ્યો છે. એણે આવતાંની સાથે ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચનોનો અમલ શરૂ કર્યો છે. તેથી વિપક્ષે બેઠેલા ભાજપના અને સમર્થનમાં રહેલી કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે. 'આપ'ને સતત મીડિયા કવરેજ મળતાં સોશિયલ સાઈટ્સ પર અરવિંદ કેજરીવાલ રાતોરાત રાષ્ટ્રીય નેતા તરીકે છવાઈ ગયા છે. એમની આ પ્રસિદ્ધિને કારણે બધા રાજકીય પક્ષોને એ આંખના કણાની જેમ ખૂંચવા લાગ્યા છે. પ્રચારભૂખ તો દરેક રાજકારણીને હોય છે. કેજરીવાલ જયારે યા હોમ કરીને રાજકારણના રણમેદાનમાં કૂદી પડ્યા છે ત્યારે એમને પણ હવે દિલ્હી જેવડા નાના વર્તુળોની બહાર પગ પસારવાની ચાતક ચડી હોય એ સમજી શકાય. પરંતુ જે ખુમારી અને ખુદ્દારી સાથે એક ખંડિયા રાજ જેવા દિલ્હીનો નવોસવો મુખ્યમંત્રી પોતે જેના સમર્થનથી સત્તા ઉપર આવેલ છે, એવા પક્ષની સરકારે પડકારે છે, તે જોઈને પ્રજામાં તો એ 'હીરો' જ બની જાય. કેજરીવાલને હીરો બની જતા અટકાવવામાં સૌથી વધારે રસ ભાજપને અને વિશેષપણે એના વડાપ્રધાનપદના ઉમેદવારને 'ચા વેચનારા' ગરીબ નેતાને હોય.

એલડીઆરપીમાં વિન્ટર સ્કૂલ વર્કશોપ યોજાયો

ગાંધીનગરની એલ.ડી.આર.પી. એન્જિનિયરીંગ કોલેજમાં તાજેતરમાં વિન્ટર સ્કૂલ વર્કશોપ-૨૦૧૪ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતની એન્જિનિયરીંગ કોલેજના ૨૦૦ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. શહેરના સે. ૧૫માં આવેલી એલ.ડી.આર.પી. એન્જિનિયરીંગ કોલેજમાં વિન્ટરસ્કૂલ વર્કશોપ-૨૦૧૪ યોજાયો હતો. આ વર્કશોપમાં રાજયની વિવિધ એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા. વર્કશોપ અલગ-અલગ ત્રણ વિષય પર યોજાયો હતો. ઈન્ટેન્શીવ-સી, એક્સટેન્શીવ જાવા અને એરડીનો વિષય પર યોજાયેલ વર્કશોપમાં પ્રાદ્યોગિકી નિષ્ણાત દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન આપવામાં આવ્યું હતું. જેમાં શૈક્ષણિક અને પ્રાદ્યોગિકીનું અંતર ઘટાડવાનો હેતુ મુખ્ય હતો. પાંચ દિવસ ચાલેલા વર્કશોપમાં વિદ્યાર્થીઓ વિષયલક્ષી મુળભૂત જ્ઞાન, દૃશ્ય, શ્રાવ્ય અને લખાણ સ્વરૂપે વેબ સાઈટપરથી માહિતગાર કરવામાં આવતા હતા. વર્કશોપનું સંચાલન એલડીઆરપી આઈઆઈઆરના વિદ્યાર્થીઓએ કર્યુ હતું.

પ્રતિકુળ સંજોગોમાં જીવતી મહિલાઓને આર્થિક ઉત્થાન માટે રોજગારીની તકો પૂરી પડાશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતના વિવિધ રાજયોમાં દેહ વ્યાપારના દૂષણમાં ફસાયેલ મહિલાઓના આર્થિક પુનઃવસન માટે યોજના ઘડી અમલમાં મુકવા માટે સુપ્રિમ કોર્ટ દ્વારા તમામ રાજયોને એક ચુકાદાના સંદર્ભે આદેશો આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા -તિકુળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓના આર્થિકઉત્થાન માટેની યોજનાના અમલીકરણ માટે જિલ્લાકક્ષાની મોનીટરીંગ સમિતિની રચના કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

આ ઠરાવ અનુસાર -તિકુળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓના પુનરૂત્થાન માટે આવી મહિલાઓને આર્થિક તેમજ રોજગારને લગતી તકો પૂરી પાડવામાં આવશે. સાથે સાથે જરૂર પડયે કાયદાકીય માર્ગદર્શન, સહાય પણ પૂરી પડાશે. જેમાં ઉંમરનો કોઈ બાધ રાખવામાં આવ્યો નથી. યોજનાનો મુખ્ય હેતુ દેહવિક્રયના વ્યવસાયમાં જોડાયેલ મહિલાઓને તેમાંથી બહાર કાઢવાનો છે, સાથે જ આવી મહિલાઓ ફરીથી આવા વ્યવસાયમાં જોડાવા માટે મજબૂર ન થાય તે માટે તેમને તાત્કાલિક આર્થિક સહાયની સાથે જ શિક્ષણ, રોજગારલક્ષી તાલીમો, નોકરીની તકો, ધંધો શરૂ કરવા માટે ધિરાણ તેમજ આશ્રય જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે જેનાથી લાભાર્થીને એક સામાન્ય જીવન જીવવામાં મદદરૂપ થશે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને રચાનાર જિલ્લાકક્ષાની મોનીટરીંગ સમિતિમાં સેકસવર્કર બહેનોના પુનઃસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલી સ્વયંસેવી સંસ્થા, સામાજિક કાર્યકર, જિલ્લા પોલીસ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય, પુનઃસ્થાપિત સેકસ વર્કર બહેન, જિલ્લા લીગલ સર્વિસીસ ઓથોરીટીના સભ્ય, સેકસવર્કર ઓર્ગેનાઈઝરના સભ્ય અથવા એક સેકસવર્કર બહેન સભ્ય તરીકે રહેશે. જયારે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સભ્યસચિવ તરીકે સેવાઓ આપશે.

આ સમિતિ સેકસ વર્કર બહેનાના પુનઃસ્થાપન હેઠળ થતી કાર્યવાહી પર દેખરેખ રાખશે, સેકસવર્કર બહેનો દ્વારા રજૂ થયેલ બિઝનેશ પ્લાનની ચર્ચા કરી મંજૂરી આપશે, રીહેબીલીટેશન પામેલ સેકસવર્કર મહિલાની -ગતિ પર દેખરેખ તેમજ પુનઃ આ ધંધામાં ધકેલાઈ ના જાય તેની દેખરેખ પણ રાખશે. આ સ્કીમની દરેક લાભાર્થી મહિલાને આઈકાર્ડ, રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, બીપીએલકાર્ડ માટે સંબંધિત ઓથોરીટીને મોનીટરીંગ કમિટી ભલામણ કરશે તથા યથાયોગ્ય મદદ કરશે, એમ મહિલા અને બાળવિકાસ વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં રમતોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૨૪ એ ૨૫ જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં એક્સપ્લોરા એડવેન્ચર દ્વારા તારીખ ૨૪મી જાન્યુઆરીએ ટ્રેકીંગ, રોપ વોકીંગ (દોરડા પર ચાલવું) જેવી રમતો અંગેની તાલીમ આપવામાં આવશે.

તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સ્પોર્ટસ ડે મનાવવામાં આવશે જેમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્ટર નેશનલ હેન્ડબોલ કોચ શશીમોહન ધુમલ હાજર રહેશે. આ રમતોત્સવને માણવા વાલીગણ તથા રમતપ્રેમીઓને આમંત્રણ અપાયું છે.

હરિની દૃષ્ટિ...

અરે તમને ઠંડી કેટલી ડીગ્રી છે, એ જાણવું છે કે, કેટલા ઇંચ વરસાદ પડ્યો તે...!!

ચૌધરી કોલેજમાં રીટેઈલ માર્કેટીંગ માટેનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સે-૭ખાતે આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઉદ્દીશા અને પ્લેસમેન્ટ સેલ અંતર્ગત ભારત સરકારના નાણાં મંત્રાલય, એનએસડીસી અને આઈએસીએમ સંકલિત સ્ટાર પ્રોજેકટના ભાગરૂપે વિદ્યાર્થીનીઓને રીટેઈલ માર્કેટીંગ કોર્સની તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપનો હેતુ ભવિષ્યમાં વિદ્યાર્થીનીઓને દેશમાં ઝડપથી વિકસી રહેલા રીટેઈલ માર્કેટીંગ બિઝનેસમાં રોજગારીની તક મળી રહે તે માટેનો હતો.

આ વર્કશોપમાં ચૌધરી કોલેજની વિદ્યાર્થનીઓના કૌશલ્ય વિકાસ, વાણિજય વ્યવહારો તેમજ રીટેઈલ મેનેજમેન્ટનું જ્ઞાન પુરું પાડવમાં આવ્યું હતું. આ કોર્સનું આયોજન પ્રોજેકટના કો ઓર્ડિનેટર જીગર રાણા, પ્રતિમા છનિયારા તેમજ પ્રા. નરેન્દ્રભાઈ પટેલ, પ્રા. હેમાંગી વાઘેલા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજે સમગ્ર ગુજરાતમાં લોહાણા સમાજ વિરદાદા જશરાજ દિનની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતભરમાં લોહાણા સમાજ દ્વારા આવતીકાલે 'વિરદાદા જશરાજ દિન' મનાવવામાં આવનાર છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨૨મી જાન્યુઆરીથી તા. ૨૬મી જાન્યુઆરી સુધી વિવિધ સ્પર્ધાઓ અને રકતદાન કેમ્પ જેવા સેવાકાર્યો યોજવામાં આવશે.

અખિલ ગુજરાત લોહાણા એકતા સમિતિ દ્વારા લોહાણા સમાજના બધા જ ઘટકો સંગઠીત બની ભાતૃભાવ કેળવી વિરદાદા જશરાજની વિરતાને બિરદાવતા કાર્યક્રમો યોજી વિરદાદાને સાચી શ્રદ્ધાંજલિ આપવા અપીલ કરાઈ છે. એકતા સમિતિની અખબારી યાદી મુજબ સમગ્ર રાજયમાં આ દિનની ઉજવણીના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રમતગમત સ્પર્ધા જેવી અનેક સ્પર્ધાઓ ઉપરાંત રકતદાન શિબિર જેવા સેવાકાર્યો પણ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમો થકી વિરદાદા જશરાજના શૌર્યભર્યા ઈતિહાસનું લોહાણા સમાજ ચિંતન મનન કરશે અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે.

ભૂતકાળમાં જયારે ભારત પર મોગલ શાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવારનવાર ચઢાઈ કરી હતી ત્યારે લોહરાણાઓએ મારી હટાવી હતી તેમજ સીંકદરની વિજયકૂચને લોહરાણા પોરસે અટકાવી હતી. તે જ રીતે વિરદાદા જશરાજે ઈરાનીઓ અને અફગાની આક્રમણખોરોની કૂચ અટકાવી હતી. આ ઉપરાંત વિર જશરાજે તેમના અલ્પ જીવનકાળમાં તેમણે લોહરાણાઓએ ગુમાવેલા કપિશા હાલના કાબુલ પર વિજય પતાકા લહેરાવી હતી. ઈ.સ. ૧૦૫૮માં આ લોહર વંચના છેલ્લા રાજવી વિર જશરાજ પર લગ્નના માંડવે પરણવા બેઠેલા હતા ત્યારે આક્રમણખોરોએ ગાયોને આગળ રાખી કપટથી આક્રમણ કર્યું હતું. ગૌહત્યા ના થાય તે સાચવવામાં તેમના સૈન્યને ભારે ખુવારી વેઠવી પડી હતી અને કપટથી તેમનો વધ કરાયો હતો. તેમની યાદમાં લોણા યુવકો લગ્ન વખતે માથે સફેદ લહર ધારણ કરે છે અને કન્યા સફેદ પાનેતર પહેરે છે.

તટરક્ષક દળ દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં એમ.બી. પટેલ કન્યા શાળા અગ્રેસર

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતેના ભારતીય તટરક્ષક દળ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરીએ ચિત્ર સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કડી કેમ્પસની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ઈનામો જીત્યા હતા. ચિત્ર સ્પર્ધામાં ધો-૮ની કુ. જહાનવી પટેલ, કવીઝ સ્પર્ધામાં ધો-૫ની કુ. જાગૃતિ ચૌહાણ, કુ. પિનલ ભાભોર, કુ.અંકિતા ધામાંત, ધો-૬ની કુ. નિધિ પંચાલ, કુ. અમી પટેલ તથા ધો-૮ની કુ. માનસી સોલંકીએ ઈનામો પ્રાપ્ત કર્યા હતા. શાળાની કુલ ૩૩ વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. શાળા પરિવારે વિજેતા બાળાઓને અભિનંદન પાઠવ્યા હતાં.

પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ! - આઝાદીનું બ્યૂગલ વગાડતી સત્યાગ્રહ પત્રિકા

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

પ્રત્યેક વર્ષે સ્વાતંત્ર્ય પર્વ અને પ્રજાસતાક પર્વના દિવસે આપણે આઝાદીનાં રંગી ભીંજાઈ જઈએ છીએ. બાકી તો વિદ્યાર્થીઓને રજાનો આનંદ. સરકારી કર્મચારીને 'કામમાંથી' મુક્તિની પ્રસન્નતા અને લગભગ બાકીના લોકોને કામમાંથી સમયાકાશ ક્યાં હોય!

અપવાદો બાદ કરતા આપણા રાજકીય પક્ષોનાં કહેવાતાં નેતાશ્રીઓનાં જીવનચરિત્રો પર નજર કરીએ તો આપણો ઉત્સાહ ઓલવાઈ જાય. આંખો ભીની થાય, ક્રોધ ચડે, નિરાશા આવે કે પછી ગોદડી ઓઢીને ઊંઘી જવાનું મન થાય! હા, એ પણ ખરું જ છે કે આ મહાન દેશને કેટલાક વામણાં અને ભ્રષ્ટાચારી નેતાઓ જ ચલાવે છે.

હવે નવા વર્ષમાં અને નવી હવામાં એક નવો યુવા વર્ગ આપણી સામે તૈયાર થયો છે જે કામ કરવામાં અને પરિણામ લાવવામાં માને છે. કંઈ નહિ તો આપણે નવી પેઢીને દિશા આપી દઈશું તો પણ દેશની મોટી સેવા કરી ગણાશે. આઝાદી હજી પૂર્વ દિશામાં કિરણો પ્રસારતી હતી તે સમયે જીવને મુઠ્ઠીમાં રાખીને જીવનારાં પત્રકારો કેટલી હદે પરિશ્રમ કરીને કેસરી રંગનો સંદેશ ગામે ગામ પહોંચાડતા હતા તે એક આશ્ચર્યની વાત હતી.

સ્વતંત્રતાની દેવી સમક્ષ એક-એક શ્રીફળ વધેરાયું છે. શહીદ જવામર્દોનું કવિ-લેખકોએ લખી છે. લોહીથી લથપથ કવિતાઓ અને પત્રિકાઓ. આવો વાંચીએ એક જવામર્દની સત્યાગ્રહપત્રિકાનાં કેટલાંક અંશ.

સમયે છે દાંડીયાત્રાનો અને લેખક છે સ્નેહરશ્મિ. 'મારે માથે ગાંધીજીની દાંડીયાત્રાના રોજબરોજના અહેવાલ તૈયાર કરવાનું આવ્યું. એ નિમિત્તે ગાંધીજીની ટુકડી જયાં મુકામ કરે ત્યાં પહોંચી જઈ ત્યાંથી જરૂરી માહિતી ભેગી કરી પત્રિકાની ઓફિસે પાછા આવી અહેવાલ તૈયાર કરી હું છાપવા આપતો. આ મુજબ દરરોજ એ અહેવાલો પત્રિકામાં પ્રસિદ્ધ થતા. પત્રિકાએ ઘણું આકર્ષણ જમાવ્યું અને જોતજોતામાં એની ગ્રાહક સંખ્યા છત્રીસ હજાર થઈ ગઈ. મારી આ કામગીરીની અસરકારકતાથી પ્રેરાઈ કોગ્રેંસ વતી અંગ્રેજીમાં અહેવાલ આપવાનું કામ પણ મને સોંપાયું. આથી ગાંધીજીને પણ અવારનવાર મળવાનું થતું. છઠ્ઠી એપ્રિલે એમને જયારે મીઠાનાં કાયદાનો ભંગ કર્યો ત્યારે ત્યાં હાજર રહેવાની તક મને મળી ન હતી. પરંતુ બપોરે હું જયારે એમના નિવાસે પહોંચ્યો ત્યારે એમની ચારે બાજુ નજર કરતાં એક વિરલ દૃશ્ય જોવા મળ્યું. એક બાજુ અફાટ સાગર એના પ્રચંડ મોજા સાથે ઉછળી રહ્યો હતો તો બીજી બાજુ વિશાળ માનવ મહેરામણ હેલે ચડ્યું હતું. આ દૃષ્ટિ લાગલાગટ ત્રણ-ચાર દિવસ જોવા મળતાં ગાંધીજીની કુટીરમાં જ બેઠાબેઠાં એક કાવ્ય મને સૂજ્યું એ વખતે મણીલાલ ગાંધી ગાંધીજીનાં પગનાં તળીયામાં ઘી લગાડી રહ્યા હતા. સરોજીની દેવી મુગ્ધાતાથી વિશાલ માનવમેદનીમાંથી આવતા નારામાં લીન થઈ ગયા હતા. શ્વેતકેશી વયોવૃદ્ધ અબ્બાસ તૈયબજી ગાંધીજીનાં કોઈ નિવેદન પર નજર નાંખતા વિચાર મગ્ન સ્થિતિમાં નિરવ બેઠા હતાં. આ પ્રેરણા હેઠળ થોડી જ મિનિટમાં મેં એક કાવ્ય લખ્યું તેની કેટલીક કડીઓ અહીં ઉતારું છું.

સાગરની છોળોમાં આજે,
ઘોમઘખેલી ધરતી- આરે,
વનવગડાને ડુંગર- ધારે,
ગાજે ગેબી એક અવાજ - પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!
આવે! આવે! મરદો આવે-
ખેતર છોડી ખેડૂત આવે,
શાળો છોડી વણકર આવે,
આવે આખો વીર સમાજ, પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!
એક પડે ત્યાં લાખ ઘસે છે,
કેદો દેખી મર્દ હસે છે,
બંદૂક દેખી છાતી ધરે છે,

ખાખ બને છે પાપી રાજ! પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!

સ્નેહ રશ્મિ આગળ નોંધે છે. 'રોજની મારી આ દાંડી યાત્રાની પ્રત્યેક પળનો પૂરેપૂરો કસ કાઢતો. 'સત્યાગ્રહ પત્રિકા' જ્યાં છપાતી તે નવયુગ પ્રેસ મારું નિવાસસ્થાન બન્યું હતું. ત્યાં માળ ઉપર એક બારીના પાટીયા ઉપર મોડી રાત્રે છેલ્લાં પ્રૂફ તપાસી લગભગ એકાદ વાગ્યે હું સૂઈ જતો અને પાંચ વાગે ઊઠી ઉતાવળથી નાહીં, કપડાં ધોઈ, પ્રેસનો એક કારીગર મને ચા બનાવી આપતો તે પી અમદાવાદથી સવારે સાતના અરસામાં આવતીપેસેંજર ગાડી પકડી હું દાંડી જતો. સ્ટેશન પરથી મળતાં દૈનિક પત્રોની નકલો મારી સાથે રાખી એમાં લડતનાં જે કંઈ સમાચાર આવતાં એ બધાની નોંધ કરી દાંડીમાં પત્રિકા માટેનું સાહિત્ય બને એટલું તૈયાર કરતો જાહેર સભામાંનાં ગાંધીજીના પ્રવચનોની નોંધ લેતો અને પત્રિકા માટેનું સાહિત્ય બને એટલું તૈયાર સાહિત્ય એકઠું કરી અમદાવાદ જતી સાંજની પેસેન્જર ટ્રેનમાં રાત્રે આઠનાં અરસામાં પ્રેસમાં હાજર થઈ જતો. દરમિયાન મારા સાથીઓએ જે સમાચારો ભેગા કર્યા હોય એ ઉપરાંત જે બીજી કોઈ નોંધ કરી હોય, અને તેમને કોઈ ભૂગર્ભપત્રિકાઓ મળી હોય તો તેમાંના નોંધ પાત્ર સમાચાર તપાસી આખી પત્રિકા તૈયાર કરી અમે છાપવા આપતા. જેમ જેમ ગેલીઓ આવતી જાય તેમ તેમ પ્રૂફ તપાસી મોડી રાત સુધી અમે કામગીરી બજાવતાં રહેતા. આ કામનો નશો એવો તો પ્રબળ હતો કે અમે કોઈ પણ જાતનો થાક અનુભવતા નહિ કે ભૂખ, તરસ અમને યાદ આવતાં નહીં. દાંડીથી સ્થળાંતર કરી ગાંધીજી કરાડી ગયાં ત્યાં પણ મારી દિનચર્યા ચાલુ રહી. આવી તો અનેક પત્રકારિતાની ઘટનાઓએ આ દેશને જાગતો રાખ્યો હતો.

બબલભાઈ મહેતાએ એક ઘટના વીરતા પ્રગટાવનારી છે. ઘટનાનાં નાયક છે સરદાર સાહેબ. વાત છે ૭ માર્ચ ૧૯૩૦ની. ખેડૂતપુત્ર કોઈથી ડરે ખરો? જે પડકારોને સામેથી બોલાવે અને શમીયાણામાં બેસાડે એ જ આ ભૂમિનો સાચો ખેડનારો અને લડવૈયો. મહેમદાબાદમાં રવિશંકર મહારાજને મળીને સરદાર પટેલ રાસ ગામમાંથી પસાર થઈ રહ્યા હતા. રાસગામનાં કાર્યકર્તા આશાભાઈએ વિનંતી કરી કે તમે અમારાં ગામનાં લોકોને બે શબ્દો ન કહેતાં જાઓ? સરદાર સાહેબને પણ લાગતું હતું જ કે કંઈક નવા જૂની થશે. એમ છતાં આશાભાઈનો આગ્રહ જોઈને એમણે કહ્યું કે લોકો તૈયાર હોય તો ગોઠવો.

તરત રાસગામમાં નગારું પિટાયું અને વડ નીચે આખું ગામ ભેગું થઈ ગયું. પોલીસ બંદોબસ્ત કનકપુરા ગોઠવાયો હતો. ત્યાં આઠ દસ ગામનાં લોકો ભેગા થયાં હતાં. આ રાસગામની સભા એકદમ ગોઠવાઈ છતાં સમાચાર મળ્યાં એટલે પોલીસો, દહેવણનાં ઠાકોર મોટરો દોડાવતાં મેજિસ્ટ્રેટ સાથે આવ્યા. સભાનું કામ શરૂ થાય તે પહેલાં મેજિસ્ટ્રેટે જાતે સરદાર સાહેબનાં હાથોમાં નોટિસ મુકી. નોટિસ આપતી વખતે એમનો હાથ ધ્રૂજતો હતો. નોટિસમાં જણાવવામાં આવ્યું કે સરદાર સાહેબે ભાષણ ન કરવું. પણ સરદાર સાહેબે કહ્યું કે હું તો ભાષણ કરવાનો. ત્યારબાદ તે લોકોને ઉદ્દેશીને કહેવા લાગ્યાં કે મને તમારી સાથે વાતો ન કરવાની નોટિસ આપવામાં આવી છે. પણ હું તમારી સાથે વાત પણ ન કરું એ શી રીતે બને? મને પકડવામાં આવે તો કોઈએ ગભરાવાની જરૂર નથી. પૂરી શાંતિ સાચવજો. મારો વિચાર તો ગાંધીજી જેલમાં જાય પછી સત્યાગ્રહ કરવાનો હતો, પણ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કંઈ મોં ધોવા જવાય છે? મારે બીજું કાંઈ કહેવાની જરૂર નથી. પણ ગાંધીજી કહે તેમ વર્તજો. સરદાર સાહેબ કંઈ લંબાવે એ પહેલાં તો પોલીસ અમલદારે સરદારને પકડેલાં જાહેર કર્યાં. આ ઘટનાથી રસ ગામનાં લોકોનાં દિલ ઘવાયાં. એમણે સંકલ્પ કર્યો કે સરદારને કરવું હોય એ કરે, પણ આ લડત ચાલે ત્યાં સુધી આપણે પાછી પાની કરવી નથી. પાછળથી નાકરની લડત શરૂ થઈ તે વખતે રાસ મોખરે રહ્યું. સરદાર સાહેબને ત્યાંથી બોરસદ લઈ જવામાં આવ્યા અને તે જ દિવસે કેસ ચલાવીને ત્રણ માસની સજા સંભાળવવામાં આવી. આ છે આપણો વારસો અને વીરત્વ. ન્હોતો ડર કે ચિંતા. હતી તો માત્ર મા ભારતી તરફનો અખૂટ સ્નેહ....